ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૭૮ ટકા

# સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સે-૧૨ ખાતે રસીકરણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૫
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર ગાંધીનગર ખાતે કોરોના રસીકરણ અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગના સહયોગથી ૧૫ થી ૧૮ની વયના વિદ્યાર્થીઓ માટે રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત ધો- ૯થી ૧૨ના લગભગ તમામ વિદ્યાર્થીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. શાળાના તમામ શિક્ષકોએ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના વાલી બનીને સંપૂર્ણ સહકાર આપ્યો હતો.સદર રસીકરણ કાર્યક્રમમાં શાળાના કો-ઓર્ડીનેટર નટુભાઈ લાડાણી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી દ્વારા આરોગ્ય વિભાગના કર્મચારીઓનો સહકાર બદલ આભાર માનવામાં આવ્યો હતો.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે શાળાના બધા જ વિદ્યાર્થીઓનું કોવિડ-૧૯ રસીકરણ

ગાંધીનગર, તા.૫
વર્તમાન કોવીડ-૧૯ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગાંધીનગરની ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ઘ-૦ યુનિટમાં ડૉ. પૂજા ખત્રી તથા તેમની ટીમના સભ્યોએ શાળાનાવિદ્યાર્થીઓનું કોરોના રસીકરણનો કાર્યક્રમ કર્યો હતો.વાલીઓના પણ સપોર્ટ સાથે શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક રસીકરણમાં ભાગ લીધો હતો. જેમાં શાળાના બધા જ વિદ્યાર્થીઓનું સફળ રસીકરણ શાળાના શિક્ષક તુષારકુમારના સંચાલન હેઠળ અને સ્ટાફ મિત્રો અને મેડિકલ ટીમના સહયોગથી પૂર્ણ કરવા બદલ શાળાના ટ્રસ્ટી ડૉ. પ્રદિપ ગગલાણી અને આચાર્યા જ્યોતિ ભાવસારે સર્વેનો આભાર વ્યકત કર્યો હતો.





ઉત્તરાયણ નજીક આવતા કૂતરાઓ માટેના લાડુ ઠેર ઠેર બનાવવામાં આવી રહ્યા છે. શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી શિવશકિત મંદિર, સેકટર-૫-એ અને સિનિયર સિટિઝન્સના સહયોગથી લાડુ બનાવી ગાય અને કૂતરાંઓને ખવડાવવામાં આવ્યા હતા.



બરોડા ગુજરાત ગ્રામિણ બેંક, સેકટર-૭-ડી ખાતે ઘણા વર્ષો સુધી ફરજ બજાવનાર પ્રદિપ સોલંકીની પેથાપુર ખાતે બદલી થતાં સ્ટાફના સભ્યો દ્વારા તેમને ભાવભીનું વિદાયમાન અપાયું હતું.

# આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં નારી શકિત કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર, તા.૫
આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં ડબલ્યુ.ડી.સી. અંતર્ગત નારી શકિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓમાં જોમ, જુસ્સો, તાકાત, શકિત ઉમેરાય તે હેતુસર તેમજ તેમનામાં નારી શકિત વિશે સમજ કેળવાય તે હેતુસર આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ ૬થી ૮ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ધોરણ-૮ની વિદ્યાર્થીની પટેલ માહીએ નારી તું નારાયણી વિશે વકતવ્ય આપ્યું હતું. તુલજાએ તું શકિત હે... ગીત અને પોકાર નિષ્ઠાએ વકતવ્ય આપ્યું હતું જહાનવી વાઘેલાએ એક સુંદર ગીત રજુ કર્યું હતું. ધોરણ ૬ થી ૮ની વિદ્યાર્થીનીઓએ સુંદર ડાન્સ રજૂ કર્યો હતો. જેમાં નારી અબળા નહીં પણ સબળા છે તે સાર્થક કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા અર્ચનાબેન પટેલ તથા આશિષભાઈ વસાવાએ કર્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વ્યાસ રામચંદ્ર નાનાલાલ, ઉ.વ. ૬૯, સેકટર-૨૧
- સ્વ. મીના બિમલા મુરલીધર, ઉ.વ. ૭૧, સેકટર-૨
- સ્વ. પટેલ કાશીબેન ભીખાભાઈ, ઉ.વ. ૬૮, વાવોલ
- સ્વ. સોલંકી રઈજીજી શીવાભાઈ, ઉ.વ. ૪૧, આલમપુર
- સ્વ. વાઘેલા અરજનજી પારખાનજી, ઉ.વ. ૭૫, દેલવાડ, માણસા
- સ્વ. પેન્ઢારકર અપેક્ષા, ઉ.વ. ૭૩, એરફોર્સ, લેકાવાડા
- સ્વ. ભંગી રતનબેન મફાભાઈ, ઉ.વ. ૮૫, સેકટર-૨૪

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ હિતેશભાઈ કેશવલાલ, ઉ.વ. ૫૨, રાંદેસણ
- સ્વ. પટેલ અંબાલાલ જોઈતારામ, ઉ.વ. ૪૩, ઉવારસદ
- સ્વ. પંડયા સવિતાબેન ભીખુશંકર, ઉ.વ. ૭૧, સેકટર-૩



શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથામાં કોરોનાકાળ દરમિયાન અવસાન પામનાર સ્વજનોની તસ્વીરો મુકવામાં આવી હતી. કથા દરમિયાન આ સ્વજનોને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી.

# વરસોડા ખાતે ગાંધીનગર હોમિયોપેથિક કોલેજનો રોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૫
ગાંધીનગર જિલ્લાના વરસોડા ગામ ખાતે પર્લ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગાંધીનગર હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા તા. ૩જી જાન્યુઆરીના રોજ એક સાવર્જનિક રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેનો ગ્રામજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. રોગ નિદાન કેમ્પ દરમ્યાન રૂમેટોઈડ આર્થરાઈટિસ, થાઈરોઈડ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર જેવા રોગોનું નિદાન કરી દર્દીઓને નિશુલ્ક દવાઓ પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત રોગ નિદાન કેમ્પમાં લાભાર્થીઓને કોરોનાથી કઈ રીતે બચવું તે અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વરસોડા ગામના સરપંચ કેસરીસિંહ વાઘેલાએ તથા ટીનાભાઈ સહિત અગ્રણી ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કેમ્પનું આયોજન સંસ્થાના ચેરમેન પ્રવીણભાઈ ગોહિલ તથા આચાર્ય પ્રો.ડો. મનોજ કુમાર બેહેરાના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોસ્પિટલના આરએમઓ ડો. મેઘા મહાવીર નિમાવત, નર્સ આરતી રાવળ અને વિપુલભાઈ પરમાર તેમજ કોલેજના વિદ્યાર્થીઓએ સેવાઓ પુરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મુબારકપુર ખાતે આવેલી ગાંધીનગર હોમિયોપેથિક કોલેજ અને હોસ્પિટલ ખાતે તમામ રોગો માટે નિઃશુલ્ક સારવાર તથા દવાઓ પુરી પાડવામાં આવે છે.



## નિસર્ગ સાયન્સ સેન્ટર કલબની સભ્ય

# ઉપાસના સીલજીયા 'વિદ્યાર્થી વિજ્ઞાન મંથન ૨૦૨૧' સ્પર્ધામાં ગાંધીનગર જીલ્લામાં પ્રથમ ક્રમાંકે

ગાંધીનગર, તા.૫
ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિજ્ઞાન લક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને જુદી-જુદી વિજ્ઞાન લક્ષી પરિક્ષાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં રસ રૂચી કેળવાય તેમજ વિજ્ઞાન ક્ષેત્રે ભારતીય વૈજ્ઞાનિકોના યોગદાન થી માહિતગાર થાય તે હેતુથી દેશની શિક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રની સર્વોચ્ચ સંસ્થાઓ દ્વારા ધોરણ ૬ થી ૧૧ ના વિદ્યાર્થીઓ માટે સમગ્ર રાષ્ટ્રવ્યાપી સાયંસ ટેલેન્ટ સર્ચ એકઝામ ફફનું આયોજન કરેલ. આ પ્રવૃત્તિમાં દેશભરની અનેક શાળાઓ ઉત્સાહ પૂર્વક જોડાઈ હતી જેમાં વિજ્ઞાન ભારતી અને વિજ્ઞાન પ્રસાર **(Department of Science and Technology, New Delhi)** અને **NCRT** (રાષ્ટ્રીય શિક્ષણ મંત્રાલય ) યોજિત વિદ્યાર્થીઓ માટે તા.૩૦ નવેમ્બર ૨૦૨૧ ના રોજ ઓનલાઈન પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જીલ્લામાંથી પણ ઘણા બધા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી નિસર્ગ સાયંસ સેન્ટર કલબની સભ્ય ઉપાસના સીલજીયા એ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. વિજેતા વિદ્યાર્થીને પ્રમાણ પત્ર આપવામાં આવ્યું હતું.



નિસર્ગ સાયંસ સેન્ટર,ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી ડો. અનીલભાઈ પટેલે ગાંધીનગરનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

# શ્રી જયપ્રકાશ વિદ્યાલયમાં ૧૫ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને રસીકરણ



ગાંધીનગર, તા.૫
આજરોજ શ્રી જયપ્રકાશ વિદ્યાલયમાં ૧૫ થી ૧૮ વર્ષનાં વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી. જે અંતર્ગત ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ કોવેક્ષિન રસીનો પ્રથમ ડોઝ લીધો હતો. શાળાના આચર્યશ્રી તેમજ શિક્ષકોએ વિદ્યાર્થીઓને વેકિસનના ફયદા તેમજ તે લેતા પૂર્વે અને રસી લીધા બાદ શું કરવુ તે અંગે વિદ્યાર્થીઓને વિશદ સમજણ આપીને વિદ્યાર્થીને માનસિક રીતે સજ્જ કરીને સમગ્ર રસીકરણના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા સેનેટરી નેપકીન વિતરણ

ગાંધીનગર, તા.૫
રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા પરમેનન્ટ પ્રોજેક્ટ અંતર્ગત આદર્શ નિવાસી (કન્યા) વિદ્યાલય, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે સેનેટરી પેડ્સનું વિતરણ કરાયું હતું.

આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રતિ માસ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા આદર્શ નિવાસી (કન્યા) શાળાની ૨૦૦ જેટલી દિકરીઓને જરૂરિયાત મુજબ સેનેટરી પેડ્સ મળી રહે તે હેતુથી આ પ્રોજેક્ટ કાર્યરત કરાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સંસ્થાની દિકરીને સેનેટરી નેપકીન ખરીદવા બહાર ન જવું પડે કે બહારથી મંગાવવા ન પડે અને આર્થિક ખર્ચ ન કરવો પડે તે માટે આ પ્રકારનું આયોજન કરાયેલ છે.

આ ઉપરાંત સંસ્થાના પ્રમુખ અમીબેન શાહે જણાવ્યું હતું કે સેનેટરી પેડ્સ સંસ્થા તરફથી પ્રતિ માસ મળતા રહેશે તેમજ તેઓએ કોવિડ અંગેની વેક્સીન અંગેનું પણ માર્ગદર્શન આપતાં દરેક દિકરીઓને વેક્સીન લઈ લેવા તેમજ વેક્સીન અંગેની કોઈપણ પ્રકારની ગેરસમજ દૂર કરીને બીક ન રાખવા ખાસ અપીલ કરી હતી.



આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના અશ્વિનભાઈ શર્મા, મનોજભાઈ સરૈયા, ગૌરાંગભાઈ રાવલ સહિત શાળાના આચાર્ય, શિક્ષકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સંસ્થાના સેક્રેટરી પાર્થ ઠક્કર દ્વારા કરાયું હતું.

# રાજય કક્ષાની કરાટે સ્પર્ધામાં શહેરના વિદ્યાર્થીઓ ઝળકયા

ગાંધીનગર, તા.૫
તાજેતરમાં યોજાયેલ રાજયકક્ષાની સ્પર્ધામાં ૯ જિલ્લાના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરની ટીમ ચેમ્પિયન બની હતી. ગાંધીનગર ખાતે સૈનસાઈ દર્શન સુથારનાં માર્ગદર્શનમાં તૈયાર થયેલ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૮ ગોલ્ડ, ૫ સિલ્વર તેમજ ૮ વિદ્યાર્થીઓ સેમીફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા. અરવિંદ કેન્દ્ર, વાવોલ ફોર્સવન ડિફેન્સ એકેડમી ખાતે ચાલતા કરાટે વર્ગના વિદ્યાર્થીઓની આ સફળતા બદલ ચીફ ટેકનિકલ ડાયરેટર હાન્શી અરવિંદ રાણા તેમજ ટ્રેનર સેન્સઈ દર્શન સુથારે અભિનંદન પાઠવ્યા હતા.





ગાંધીનગર શહેરને સ્વચ્છ રાખવાના અનેક પ્રયાસો કરવામાં આવે છે પરંતુ યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રકચરના અભાવે સ્વચ્છતા જાળવાની કામગીરી યોગ્ય રીતે થઈ શકતી નથી. નાગરિકોની બેદરકારી પણ તેમાં જવાબદાર છે. કચરો કચરાપેટીમાં નાંખવાના બદલે જયાં ત્યાં નાંખી દેવાય છે. સેકટર-૬મા સંત રોહિદાસ મંદિર જવાના માર્ગે મુકવામાં આવેલી કચરાપેટીની બહાર ખુબ કચરો ફેલાયો છે જેના કારણે અહીંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે.

# કિડનીની બિમારી ધરાવતા મજૂરની પુત્રીનો સુરીલો કંઠ

## દહેગામની પ્રિયંકાને મોટા થઈને સિંગર બનીને બીમાર પિતાને મદદરૂપ થવું છે

ગાંધીનગર, તા.૫
દહેગામ તાલુકાના સામેત્રી ગામની પ્રાથમિક શાળામાં ધોરણ-૭માં અભ્યાસ કરતી દેવીપૂજક પરિવારની દીકરીનો કંઠ એવો સૂરીલો છે કે એને સાંભળતા જ રહેવાનું આપણને મન થાય. તાજેતરમાં દહેગામ ખાતે યોજાયેલી એક હરિફાઈમાં પણ આ બાળકીએ ભાગ લીધો હતો અને પ્રથમ નંબર પણ મેળવ્યો હતો. બાળકીના પિતા કિડનીની બીમારીથી પીડાઈ રહ્યા છે અને પરિવારમાં સાત સભ્યોનું ગુજરાન છૂટક મજુરી કામ કરીને ચલાવી રહ્યા છે.

દહેગામમાં તાજેતરમાં યોજાયેલી જેસીઆઈ કોમ્પિટિશનમાં ગાયન ક્ષેત્રે પ્રથમ નંબર લાવનારી પ્રિયંકા કિશનભાઈ દેવીપૂજક સામેત્રી પ્રાથમિક શાળામાં ધોરણ-૭માં અભ્યાસ કરી રહી છે. ચીંથરે વીટયું રતન કહેવાય એવી આ વિદ્યાર્થીની અત્યંત સૂરીલો કંઠ ધરાવે છે. પ્રિયંકાને નાનપણથી જ ગાવાનો શોખ છે એની મોટી બહેન તેના આ શોખને પોષી રહી છે અને શીખવાડતી પણ રહી છે. પરિણામે પ્રિયંકાનો ઉત્સાહ વધ્યો છે.



સામેત્રી પ્રાથમિક શાળાની પ્રાર્થના સભામાં પણ પ્રિયંકા નિયમિત રીતે ગાતી રહે છે. પ્રિયંકાના પિતા કિશન મનુભાઈ કિડનીની બિમારીથી પીડાઈ રહ્યા છે. જો કે ઘરમાં કમાનાર બીજું કોઈ નથી અને ૨ પુત્ર તથા ૨ પુત્રી સહિત કુલ ૭ સભ્યોનો તેનો પરિવાર છે. આવડા મોટા પરિવારનું ગુજરાન ચલાવવા માટે કિશનભાઈ છૂટક મજૂરી કરી રહ્યા છે. પ્રિયંકા પોતે મોટી થઈને સિંગર બનવા ઈચ્છે છે અને પોતાના પરિવારને મદદરૂપ બનવા ઈચ્છે છે.

પ્રિયંકા પોતાના ગામનું, પરિવારનું અને શાળાનું નામ રોશન થાય તેવી ઈચ્છા રાખે છે. પ્રિયંકાના સૂરીલા કંઠની સિધ્ધિથી તેના આડોશી-પડોશીઓ પણ અત્યંત ખુશ છે અને ગરીબના સંતાનો પણ આગળ વધી શકે છે તેવો આત્મ વિશ્વાસ હવે એમને આવી ગયો હોવાનું જણાવી રહ્યા છે. પ્રિયંકા મોટી થઈને સિંગર બનીને પોતાના બિમાર પિતાને મદદરૂપ થવા માંગે છે. સામેત્રી પ્રાથમિક શાળાના આચાર્ય કિરણભાઈ કંસારાએ પ્રિયંકા વિશે જણાવ્યું હતું કે પ્રિયંકા પોતાની પ્રતિભાના જોરે ગામ પરિવાર અને શાળાનું નામ રોશન કરે તેવી અપેક્ષા છે. પ્રિયંકાનો પરિવાર છુટક મજુરી કરીને ગુજરાન ચલાવી રહ્યો છે.

## જન્મદિને વધામણી



વલ્લભભાઈ એમ. પટેલ
ચેરમેન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય



મીનાબેન બ્રહ્મભટ્ટ
નિવૃત્ત ઉપસચિવ



મોના તેજસ પરમાર



નાયી રવિકુમાર બાબુલાલ
મો. ૯૩૭૯૬ ૭૩૪૦૪૦



નક્ષ મૌલિક પટેલ



રીયાંશી પ્રેમલ શાહ

# એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં હેન્ડ હાઈજિન એકિટવીટી

ગાંધીનગર, તા.૫
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં હેન્ડ હાઈજિન એકિટવીટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને હેન્ડ હાઈજિન કયારે, કયાં અને કેમ કરવામાં આવે છે તેના લગતા પોસ્ટરો બનાવીને બાળકોને હેન્ડ હાઈજિન વિશેનું મહત્વ સમજાવ્યું હતું.

# આર.જી. પટેલ શાળામાં રસીકરણ કેમ્પ

આર.જી. પટેલ કન્યા શાળામાં કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ તારીખ ૩ના રોજ રાજય સરકારની સુચના અનુસાર કોવિડ-૧૯ રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની એન.એસ.એસ. સેવિકા વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમમાં જરુરી સહયોગ પુરો પાડી ઉત્તમ કામગીરી કરી હતી. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફીસર મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કુલ ૨૩૦ વિદ્યાર્થીઓએ કોવિડ-૧૯ રસી મેળવી હતી.